નિર્મળ ગુજરાત અન્વયે
"મહાત્મા ગાંધી ગામ પુરસ્કાર"
અને "સ્વર્ણિમગામ પુરસ્કાર"
આપવા બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃઆઈડીબી– ૧૦૨૦૧૧ –એસએફએસ– ૪૦૦૪૧૬ –ખ–૨.
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૫ –૧૦ –૨૦૧૧

વંચાણે લીધાઃ

૧. પં., ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૭–૧૮૯–ચ, તા.૧૩–૦૬–૨૦૦૭.
૨. પં., ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૭–૧૮૯–ચ, તા.૧૮–૦૬–૨૦૦૭.
૩. પં., ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૭–૧૮૯–ચ, તા.૧૪–૧૦–૨૦૦૯.
૪. પં., ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃઆઈડીબી–૧૦૨૦૧૦–એસએફએસ–૫૩–ખ.૨, તા.૦૯–૦૨–૨૦૧૦.
૫. પં., ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃઆઈડીબી–૧૦૨૦૧૦–એસએફએસ–૮૩–ખ.૨, તા.૩૦–૦૭–૨૦૧૦.
૬. "નિર્મળગામ" પુરસ્કાર માટેની ભારત સરકારની ગાઈડ લાઈન્સ.

આમુખઃ

રાજયમાં ગ્રામ પંચાયત કક્ષાએ ગ્રામજનો રોગમુકત બને અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે રાજય સરકારે વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) અને (૨) સામે દર્શાવેલ તા.૧૩–૦૬–૨૦૦૭ અને તા.૧૮–૦૬–૨૦૦૭ના ઠરાવથી "નિર્મળ ગુજરાત" યોજના અમલમાં મૂકી રાજયમાં એ.પી.એલ. કુટુંબો દવારા વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવે અને તેનો ઉપયોગ કરે તો તેમને પણ પ્રોત્સાહક સહાય ચૂકવવા ઠરાવવામાં આવેલ હતું. ત્યારબાદ ગ્રામ પંચાયતને "નિર્મળ ગામ" બનાવવા માટે સ્વચ્છતાને લગતી અન્ય તમામ કામગીરી થઈ શકે તે હેતુથી તેમજ સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત રાજયમાં ગ્રામ પંચાયતોને "નિર્મળ ગામ" બનાવવા માટે અન્ય કામગીરી / પ્રવૃત્તિઓનો સમાવેશ કરી શકાય તે હેતુથી સંદર્ભ ક્રમાંકઃ (૪) અને (૫) સામે દર્શાવેલ તા.૦૯–૦૨–૨૦૧૦ અને તા.૩૦–૦૭–૨૦૧૦ના ઠરાવથી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં રાજ્ય સરકાર દવારા વર્ષ ૨૦૧૦ના વર્ષને 'સ્વર્ણિમ વર્ષ' તરીકે જાહેર કરેલ હતું. આ બાબતને ધ્યાનમાં રાખી રાજ્યની વધુનેવધુ ગ્રામપંચાયતો નિર્મળ બને તેમજ "નિર્મળગામ" ઉપરાંત વધારાની સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં મળી રહે તે હેતુથી "સ્વર્ણિમ વર્ષ–૨૦૧૦" દરમ્યાન રાજયમાંથી જે ગ્રામ પંચાયતોએ " નિર્મળ ગ્રામ " નું તેમજ " સ્વર્ણિમ ગામ" નું સ્ટેટસ પ્રાપ્ત કરેલ હોય તેવી ગ્રામ પંચાયતો માટે રોકડ ઈનામ તેમજ પ્રશસ્તિપત્ર (સાઈટેશન) આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવઃ</u>**

પુખ્ત વિચારણાને અંતે રાજયમાંથી જે ગ્રામ પંચાયત "નિર્મળગામ"નું સ્ટેટસ પ્રાપ્ત કરે તે ગ્રામપંચાયતને "મહાત્મા ગાંધી ગ્રામ પુરસ્કાર" તેમજ સ્વર્ણિમગામનું સ્ટેટસ પ્રાપ્ત કરે તે ગ્રામ પંચાયતને "સ્વર્ણિમ ગામ" પુરસ્કાર આપવાનું રાજ્ય સરકાર દવારા ઠરાવવામાં આવે છે.

(અ) "મહાત્મા ગાંધી ગ્રામ પુરસ્કાર" :

"મહાત્મા ગાંધી ગ્રામ પુરસ્કાર" માટે નીચે દર્શાવેલ માપદંડ પ્રમાણેની કામગીરી થયેલ હોવી જોઈએઃ

૧. ગ્રામ પંચાયત વિસ્તારમાં દરેક ઘરને શૌચાલયની સુવિધા હોય.
૨. દરેક શાળા અને આંગણવાડીમાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં શૌચાલય સંકુલોની સુવિધા હોય.
૩. દરેક મિશ્ર શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ–અલગ શૌચાલય સંકુલોની સુવિધા હોય.
૪. ખુલ્લામાં શૌચક્રિયા સદંતર બંધ હોય.
૫. ઘન કચરા (ઉકરડા, પ્લાસ્ટિક, ઘરના કચરા)ના સલામત નિકાલની (કમ્પોસ્ટ/વર્મી કમ્પોસ્ટની) વ્યવસ્થા હોય.
૬. તમામ ઘરોમાંથી નીકળતા પ્રવાહી કચરાના સલામત નિકાલ(ગટર વ્યવસ્થા–શોષખાડા)ની વ્યવસ્થા હોય.
૭. ગામમાં પીવાના પાણીના સ્ત્રોત/પ્લેટફોર્મ વગેરે સ્વચ્છ હોય અને સ્ત્રોત/પ્લેટફોર્મના પાણીના નિકાલ માટેની વ્યવસ્થા હોય.
૮. ગામમાં સામૂહિક શૌચાલય સંકુલ હોય તો તેની નિયમિત સ્વચ્છતા થવી જોઈએ.
૯. ખુલ્લામાં શૌચક્રિયા નહી કરવા માટે ગ્રામસભા દવારા ઠરાવ પસાર કરેલ હોવો જોઈએ. જેમાં ખુલ્લામાં શૌચ કરવા જનાર સામે યોગ્ય દંડની જોગવાઈ પણ હોવી જોઈએ અને ખુલ્લામાં શૌચ કરવા નહી જવા માટેની મોનીટરીંગ પધ્ધતિ પણ નિયત કરેલ હોવી જોઈએ.

જે ગ્રામ પંચાયતમાં ઉપર પ્રમાણેની સ્વચ્છતાલક્ષી તમામ કામગીરી પૂર્ણ થયેલ હોય તેવી ગ્રામ પંચાયતોને "મહાત્મા ગાંધી ગામ" જાહેર કરી પુરસ્કાર આપવામાં આવશે. આ માટે ભારત સરકારની "નિર્મળ ગામ" પુરસ્કાર યોજના હેઠળ ગ્રામ પંચાયત માટે નિયત કરવામાં આવેલ નમૂનામાં અરજી કરવાની રહેશે.

(બ) "સ્વર્ણિમ ગામ" પુરસ્કાર

સ્વર્ણિમ ગ્રામ પંચાયતમાં ઉપર (અ)માં દર્શાવેલ કામગીરી ઉપરાંતની નીચે પ્રમાણેની કામગીરી થયેલ હોવી જોઈએ.

૧. તંદુરસ્ત કુટુંબ અંતર્ગત :

- ૧ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને રસીકરણ
- તમામ પ્રસુતિ માટે સંસ્થાકીય વ્યવસ્થા
- દરેક કુટુંબોને ચોખ્ખા પીવાના પાણીની વ્યવસ્થા
- દરેક જન્મ–મરણ અને લગ્નની નોંધણી
- ઘર વિહોણું એકપણ કુટુંબ નહી

૨. દરેકને શિક્ષણ અંતર્ગત :

- ૫ થી ૧૪ વર્ષની વયના બાળકોની શાળામાં ૧૦૦ ટકા નોંધણી
- અધવચ્ચે શાળા છોડવાનો દર 'શૂન્ય'
- શાળાની આજુબાજુના ૧૦૦ મીટર ઘેરાવામાં તમાકુ / ગુટકાના વેચાણ ઉપર પ્રતિબંધ.

ગ્રામ પંચાયત દવારા ભારત સરકારના નિર્મળ ગામ પુરસ્કાર માટે નિયત કરાયેલ નમૂનામાં ઉપરોક્ત વધારાની બાબતોનો સમાવેશ કરી અરજી કરવાની રહેશે.

મહાત્મા ગાંધી પુરસ્કાર / સ્વર્ણિમ ગામ પુરસ્કાર માટે અરજી કરનાર ગ્રામ પંચાયતની અરજીની ચકાસણી માટે નીચે પ્રમાણેની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવે છેઃ

(૧) અરજી કરનાર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી કમ મંત્રી બન્ને પોતાની સહીથી પ્રમાણપત્ર આપશે કે પુરસ્કાર માટે નિયત કરવામાં આવેલી તમામ કામગીરીઓ ગ્રામ પંચાયતમાં પૂર્ણ કરવામાં આવી છે તેની અમો બન્નેએ જાતે ૧૦૦% ચકાસણી કરી ખાતરી કરી છે.

(૨) દરેક ગ્રામ પંચાયતમાં " મહાત્માગાંધી નરેગા " યોજના હેઠળ" વિલેજ વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમીટી" ની રચના કરવામાં આવેલ છે. તેમના દવારા પણ નીચે પ્રમાણે પ્રમાણપત્ર આપવામાં આવશે. "અરજીમાં દર્શાવેલ તમામ હકીકત સાચી છે અને અરજીમાં દર્શાવેલ વિગતોની કમિટિના તમામ સભ્યોએ ૧૦૦% ચકાસણી કરેલ છે."

ગ્રામ્યકક્ષાએથી જિલ્લાને મળેલ "મહાત્મા ગાંધી પુરસ્કાર" / "સ્વર્ણિમ ગામ પુરસ્કાર" માટેની અરજીની ચકાસણી જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપણા હેઠળ જિલ્લાકક્ષાની નીચે પ્રમાણેની સમિતિ દવારા કરવાની રહેશે.

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ
(૫) પ્રોગ્રામ ઓફીસર, આઈ.સી.ડી.એસ.
(૬) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારીશ્રી (એપી.ઓ.) –ટી.એસ.સી.

ઉપરોક્ત સમિતિના તમામ સભ્યોએ જિલ્લામાંથી મળેલ અરજીઓ પૈકીની ૩૦% ગ્રામ પંચાયતોની જાતે ચકાસણી કરશે અને તેમનો અહેવાલ આપશે. સાથોસાથ સ્થાનિક દૈનિક સમાચારપત્રોમાં પણ જાહેરાત આપશે કે જિલ્લામાંથી નીચે દર્શાવેલ ગ્રામ પંચાયતોએ નિર્મળગ્રામ/સ્વર્ણિમ ગામ માટે અરજી કરેલ છે. (ગામોની યાદી) જેમાં નિયત કરવામાં આવેલ માપદંડ પ્રમાણે(માપદંડની વિગતો આપવી)ની કામગીરી ૧૦૦% થયેલી છે. આ બાબતે કોઈપુણ સંસ્થા/વ્યકિત આની ચકાસણી કરી શકે છે અને જેમને આ બાબતે વાંધો હોય તે સંસ્થા/વ્યકિત પોતાના અહેવાલ સાથે દિન–૧૫ માં રજુઆત કરી શકશે.

જિલ્લા કમિટી આ અહેવાલ / રજુઆતોની ચકાસણી કરશે અને રાજયકક્ષાએ અરજીઓ મોકલી આપશે. જિલ્લાની કોઈ ખોટી ગ્રામ પંચાયતને એવોર્ડ ન મળે તેની તકેદારી આ જિલ્લા કક્ષાની સમિતિએ રાખવાની રહેશે.

જિલ્લા કક્ષાની ઉપરોકત સમિતિ દવારા ચકાસણી અને ભલામણ થયાબાદ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેને મંજૂરી આપશે. ત્યારબાદ જે તે જિલ્લાની અરજીઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમની ભલામણ સાથે રાજયકક્ષાએ મોકલશે.

રાજયકક્ષાએ મળેલ અરજીઓ માટે નીચે પ્રમાણેની સમિતિ દવારા તેની ચકાસણી કરવામાં આવશે.

| | |
|---|---|
| (૧) માન.મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, | સભ્યશ્રી |
| (૩) અધિક મુખ્ય સચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ, | સભ્યશ્રી |
| (૪) અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય વિભાગ, | સભ્યશ્રી |
| (૫) કમિશ્નર અને અગ્ર સચિવશ્રી ગ્રામ વિકાસ વિભાગ, | સભ્યશ્રી |
| (૬) સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, | સભ્યશ્રી |
| (૭) સચિવશ્રી, માહિતી અને પ્રસારણવિભાગ, | સભ્યશ્રી |
| (૮) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, | સભ્યશ્રી |
| (૯) યુનિસેફ, ગુજરાત યુનિટ, ગાંધીનગરના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| (૧૦) AKRSP(આગાખાન રૂરલ સપોર્ટ પ્રોજેકટ) ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| (૧૧) ESI (પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન,સુઘડ)ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| (૧૨) બનાસકાંઠા દૂધ ઉત્પાદક સંઘ, બનાસકાંઠાના મનેજીંગ ડીરેકટરશ્રી | સભ્યશ્રી |
| (૧૩) સાબરકાંઠા દૂધ ઉત્પાદક સંઘ, હિમતનગરના મનેજીંગ ડીરેકટરશ્રી | સભ્યશ્રી |
| (૧૪) સ્ટેટ કો.ઓર્ડીનેટર કોમ્યુનીકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનીટ (સી.સી.ડી.યુ.) | સભ્ય સચિવશ્રી |

જરૂર જણાયે આ સમિતિ અરજદાર ગ્રામ પંચાયતો પૈકીની કોઈપણ ગ્રામ પંચાયતની ચકાસણી ટી.એસ.સી પ્રોજેકટ હેઠળ તેમના હયાત સ્ટાફ મારફતે અથવા/અને પ્રતિષ્ઠિત N.G.O મારફતે અને/અથવા શૈક્ષણિક સંસ્થા/યુનિવર્સીટીઓ મારફતે અને/અથવા બાયસેગ, ગાંધીનગર મારફતે કરાવશે. ચકાસણી બાદ મળેલા અહેવાલને વિચારણામાં લઈ રાજયકક્ષાની સમિતિ આખરી પસંદગી કરશે.

આ પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને નીચે મુજબનું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(અ) મહાત્મા ગાંધી ગામ પુરસ્કારઃ

૧. બે હજાર સુધીની વસ્તી ધરાવતી ગ્રામપંચાયતને ....રૂા. ૫૦,૦૦૦/– (રૂપિયા પચાસ હજાર)

૨. બે હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામપંચાયતને ....રૂા.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ)
(વસ્તીનું ધોરણ સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે રહેશે.)

(બ) સ્વર્ણિમ ગામ પુરસ્કારઃ રૂા. ૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ)નો રોકડ પુરસ્કાર

ઉપરોકત (અ) અને (બ) હેઠળ પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને રોકડ પુરસ્કાર ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીની સહી સાથે પ્રશસ્તિપત્ર પણ એનાયત કરવામાં આવશે.

જે ગ્રામ પંચાયતોની પુરસ્કાર માટે પસંદગી થશે તે ગ્રામ પંચાયતોને આપવામાં આવનાર રોકડ પુરસ્કારની રકમ ગ્રામ પંચાયતમાં રિવોલ્વીંગ ફંડ તરીકે રહેશે અને આ રકમનો ઉપયોગ ગ્રામ પંચાયત, વિલેજ સેનીટેશન કમિટિની મંજૂરીથી પોતાના ગ્રામ પંચાયત વિસ્તારમાં નીચે પ્રમાણેની કામગીરી માટે કરી શકશેઃ

૧. વ્યકિતગત શૌચાલયના રીપેરીંગ કરાવવા માટે લાભાર્થીને લોન આપશે. રીપેરીંગ ખર્ચના અંદાજથી ૫૦% રકમ લાભાર્થીને લોન તરીકે વગર વ્યાજે આપશે અને માસિક ૧૨ (બાર) હપ્તામાં આ રકમ ગ્રામ પંચાયત વસૂલ કરશે.

૨. તે જ રીતે શાળા / આંગણવાડી / સામૂહિક શૌચાલય સંકુલના રીપેરીંગ / વિસ્તૃતીકરણ માટે રકમની જરૂરિયાત હોય તો અંદાજીત ખર્ચના ૫૦ % જેટલી રકમ જે તે સંસ્થાને આ રિવોલ્વીંગ ફંડમાંથી વગર વ્યાજે લોન તરીકે આપશે. માસિક ૧૨ (બાર) હપ્તામાં આ રકમ ગ્રામ પંચાયત વસૂલ કરશે.

૩. ગ્રામ પંચાયતને ઘન /પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થામાં વિસ્તૃતીકરણ કે રીપેરીંગ માટે જરૂરિયાત હોય તો અંદાજીત ખર્ચના ૫૦ % જેટલી રકમ વગર વ્યાજની લોન તરીકે મંજૂર કરવામાં આવશે અને માસિક ૧૨ (બાર) હપ્તામાં ગ્રામ પંચાયત આ રિવોલ્વીંગ ફંડમાં રકમ પરત મેળવશે.

આ અંગેનું ખર્ચ "નિર્મળ ગુજરાત" અંતર્ગત જીલ્લાઓ પાસે રહેલ બચત રકમમાંથી મેળવવામાં આવશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(યુ.યુ.પઠાણ)
ઉપ સચિવ- ગ્રામ વિકાસ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. સંસદીય સચિવશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર
- કમિશ્નર-વ-અગ્ર સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રાજ્યકક્ષાની સમિતિના સભ્યશ્રી (તમામ)
- સચિવાલયના સર્વે વિભાગો.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ.(જીલ્લાકક્ષાની સમિતિના તમામ સભ્યોને નકલ આપવાની વિનંતી સહ)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ.
- સિલેકટ ફાઈલ.